સુરત ના મે. ૧૪મા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટઃ મુ. સુરત.
(જે. પી. પ્રજાપતિ સાહેબ ની કોર્ટ)

ફોજ. કેસ. નં. ૫૮૫૪૨/૨૦૧૯

ફરીયાદીઃ શ્રી સરકાર

-વિરૂદ્ધ-

આરોપીઃ ૧. સરદારખાન ગફારખાન પઠાણ
રહેઃઘર નં. ૨૦૬, ગલી નં. ૭, અનવર નગર, સુરત.
૨. રઝીયા તે સરદારખાન ગફારખાન ની પત્નિ
રહેઃ એજન ના..

(૧) ફરીયાદ ની ટુંકી વિગત એવી છે કે,તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ ફરીયાદી ના દિકરો આરોપીઓ પત્તા રમતા હોય ત્યાં જઇને વીખેરી નાંખતા આરોપીઓ ગાળો આપવા લાગેલા અને ધક્કો મારતા ફરીયાદી તેઓને સમઝાવવા ગયેલ તેથી ઉશ્કેરાઇ જઇને ફરીયાદીને ઢીકા પાટુ નો માર મારવા લાગતા સાહેદ બચાવવા વચ્ચે પડતા તેને પણ ઠીકાપાડુ નો માર મારી લાકડા ના ફટકા વડે ઈજા કરી જાન થી મારી નાંખવાની ધમકી આપેલ હોવા બાબત ની ફરીયાદીએ ફરીયાદ આપેલ છે.

(૨) સદર કામે તપાસ પુર્ણ થયે ત. ક. શ્રી નાઓએ અત્રેની અદાલત માં ચાર્જશીટ કરેલ છે. ત્યારબાદ આરોપીઓને પ્રોસેસ કાઢવામાં આવેલ. પરંતુ તેની બજવણી થઇ શકેલ નહી અને ફરીયાદીને પણ પ્રોસેસ કાઢવામાં આવેલ જેની પણ બજવણી થઇ શકેલ નહી.

(૩) સદર ફરીયાદ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ નોંધાયેલ છે. તે સંજોગો માં સદર કેસ ની કાર્યવાહી વોરંટ ટ્રાયબલ પ્રમાણે કરવાની થાય પરંતુ ફરીયાદ હકીકત તેમજ સાહેદો ના નિવેદનો ધ્યાને લેતા તેમાં સ્ટીરીઓ ટાઇપ જાન થી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે અને સદર કેસની કાર્યવાહી ને ઘણો સમય થયેલ છે. તે સંજોગો માં ઇ. પી. કો. કલમ ૫૦૬(૨) માં વ્યાખ્યા કરેલ મુજબ ગુનાહીત ધમકીનાં તત્વો સંતોષી શકતા ના હોય તે મુજબ નો ચાર્જ થઇ શકે તેમ નથી. તેમજ સદર ચાર્જશીટ સાથે રજુ થયેલ પોલીસ પેપર્સ ની નકલ માં જાહેરનામાની કોઇ નકલ રજુ કરવામાં આવેલ નથી કે તે બાબત ના સાહેદો ને પણ ચાર્જશીટ માં દર્શાવેલ નથી તે હકીકત ધ્યાને લેતા સદર કેસ ઇ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ નો બની શકે. વધુ માં ફરીયાદી અને સાહેદ ને ઈજા થયેલ હોય અને તેઓએ સારવાર કરાવેલ હોય તેવા કોઇ પ્રમાણપત્ર રેકર્ડ જોતા જણાઇ આવતા નથી. તે સંજોગો માં સજાની જોગવાઇ ધ્યાનૈ લેતાં સદર કેસ સમન્સ ટ્રાયબલ કેસ છે. આ કામે આરોપી/સાહેદને હાજર રાખવા પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે જે બીન બજે પરત ફરેલ છે. આ કેસ ની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસ માં કોઇ પ્રોગ્રેસ નથી. સદર કામ સને ૨૦૧૯ ના વર્ષ નુ છે અને જુનુ છે. આજરોજ નામ. ગુજરાત હાઇકોર્ટ ની ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી દ્વારા સ્પેશ્યલ સીટીંગ નુ આયોજન કરવામાં આવેલ છે. સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી ક્રી. પ્રો. કોડ કલમ ૨૫૮ અન્વયે કાર્યવાહી બંધ કરી નીકાલ કરવા તથા તમામ મૃતપાય કેસો (ડેડવુડ) કેસો આઇડેન્ટીફાઇ કરી ડીસ્પોઝ કરવા જણાવવામાં આવેલ છે.તે સંજોગોમાં ક્રિ. પ્રો.કો.ક.૨૫૮ ની જોગવાઈ વંચાણે લેતાં

SEC.258: Power to stop proceedings in certain cases

In any summons-case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, **stop the proceedings at any stage** without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the

principal witnesses has been recorded, pronounce a judgment of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge.

સદર કામ આજરોજ ના સ્પેશ્યલ સીટીંગમાં મુકેલ છે અને ક્રી.પ્રો.કો.કલમ ૨૫૮ અન્વયે પણ સત્તા મળેલ છે. તેમજ સદર કામે આરોપીના વોરંટ ની બજવણી ફરીયાદપક્ષ કરાવી શકેલ નથી. તે સંજોગો માં કોર્ટ - પોલીસ મશીનરી નો સમય બરવાદ થાય તેમ છે. વધુ માં સદર કામે ફરીયાદ પક્ષ નો પુરાવો શરૂ થયેલ ના હોય ન્યાય ના હીત માં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

સદર કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૫૮ અન્વયે છોડી મુકવા (Discharge) નો હુકમ કરવામાં આવે છે.

ફરીયાદીને ક્રી.પ્રો.કો.કલમ ૩૦૦(૫) અન્વયે સદર કામ ફરીફાઈલે લેવા કોઈ બાધ આવશે નહી. આરોપીએ જો જામીનગીરીની રોકડ રકમ કોર્ટ માં જમા કરાવેલ હોય તો તે રકમ અપીલ સમય વીત્યે સરકાર ખાલસા કરવી. તેમજ જો કિમતી મુદ્દામાલ બાબતે બંધારણ માં હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વીત્યે કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ના હોય તો, નિયમ અનુસાર કાર્યવાહી કરવી. જ્યારે બીનકિંમતી મુદ્દામાલ માં અપીલ સમય વીત્યે નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪મી માહેઃ સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી મારા સહી સિક્કા કરી જાહેર કર્યો.

મુ. સુરત.
તા.૧૪/૦૯/૨૦૨૪

(જે. પી. પ્રજાપતિ)
૧૪ મા એડી. સીની. સીવીલ જજ અને
એ.સી.જે.એમ., સુરત.
GJ01121